જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૮/૦૬/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૦૧૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૭/૦૬/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૫૧૨	૦	૧૧૫૧૨	૧૭૬૩૧	૦	૧૭૬૩૧
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૮	૦	૪૭૦૮	૬૨૪૩	૦	૬૨૪૩
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૮૭	૦	૮૭	૩૦૩	૦	૩૦૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૫૩૪૦૭	૪૬૫	૫૩૮૭૨	૫૪૦૫૯	૪૫૦	૫૪૫૦૯
કુલ		૬૯૭૧૪	૪૬૫	૭૦૧૭૯	૭૮૨૩૬	૪૫૦	૭૮૬૮૬

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૪૬	3,00,3૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૮૫૯	૨૮,૫૯,૦૦૦/-

ઘરફોડના ગુનાના આરોપીની અટકાયતની વિગત

સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન :

ઘરફોડ ચોરીનો ગુનો ડિટેકટ કરતી સોલા હાઈકોર્ટ પોલીસ

શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ, પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના હુકમથી તથા શ્રી આર.વી.અસારી સાહેબ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ તથા શ્રી ડો. રવિન્દ્ર પટેલ સાહેબ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૧ તથા શ્રી એમ.એ.પટેલ સાહેબ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એ-ડીવીઝન નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન ખાતે દાખલ થયેલ ઘરફોડ ચોરીના ગુનાઓ શોધી કાઢવા કરેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર જે.પી.જાડેજા નાઓના સીધા સુપરવિઝન હેઠળ બનાવેલ ટીમને બનેલ ગુનો શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે મળેલ બાતમી આધારે આરોપીને ઘરફોડ ચોરીના અસલ તમામ સોનાના દાગીના સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

આરોપી:

બાદલ ઉર્ફે ચકો દશરથભાઇ સોની ઉ.વ.૨૧ રહે.મ.નં.૧૯૪/૨૩૨૪, પ્રતીક્ષા એપાર્ટમેન્ટ, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ

શોધાયેલ ગુનાઓ:-

સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન પાર્ટ “એ” ૧૧૧૯૧૦૪૫૨૧૦૯૩૬/૨૦૨૧ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબ

કામગીરી કરનાર કર્મચારી/અધિકારી

આ કામગીરીમા સુપરવિઝન જે.પી.જાડેજા સીનીયર પોલીસ ઈન્સ્પેકટર તથા સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એમ.જે.હુણ તથા સર્વલન્સ સ્કોડના હે.કો.દિનેશભાઇ રત્નાભાઇ બ.નં.૪૭૦૫, પો.કો.રઘુવિરભાઇ જગુભાઇ બ.નં.૧૩૪૦, પો.કો.જયદીપસિંહ રામદેવસિંહ બ.નં.૧૨૬૦ તથા સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશનના સ્ટાફના માણસો જોડાયેલા હતા.

કબ્જે કરેલ મુદ્દામાલ :- (૧) સોનાનો પારો (સેટ) કિ.રૂ.૭૦,૦૦૦/- (૨) સોનાનુ અંગેજીમા “N” લખેલ પેન્ડલ કિ.રૂ.૪૦૦૦/- (૩) સોનાની નંગ વાળી બે વિંટી તેમજ એક અન્ય વિંટી જે ત્રણેય વિંટીનું કિ.રૂ.૨૬,૦૦૦/- (૪) સોનાની બુટ્ટી કિ.રૂ.૮૦૦૦/- તેમજ આઇફોન-૬ મો.ફોન કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે કિ.રૂ.૧,૧૮,૦૦૦/-

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૧૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૩ લીટર દેશી દારૂ, ૮૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩ બિયર ટીન, ૧ કાર અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૧૫ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૮,૭૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૦૧૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ચોરી :- **સમાચાર યાદી નં.૧૦૧૬/૨૦૨૧**

ખોખરાઃ સંજય વંશરાજ પાંડે (રહે. નારાયણી બંગ્લોઝ માધવફાર્મ પાછળ એસ.પી.રીંગ રોડ ઓઢવ) તા.૦૭/૦૬/૨૦૨૧ બપોરના ૧૨/૪૫ વાગ્યાના સુમારે ખોખરા સર્કલ ચોક્સી વાલચંદ પ્રતાપસંગ ઝવેલર્સની દુકાન ખાતે ખરીદી કરી ઘરે જવા પોતાની કારમાં બેસી નિકળ્યા હતા ત્યારે અજાણ્યા પુરૂષે કાર નજીક આવી તમારી ગાડીમાંથી ઓઈલ ટપકે છે તેમ કહેતા સંજયભાઈ કારમાંથી નીચે ઉતરી ઓઈલ ચેક કરતા હતા ત્યારે કારમાંથી અજાણ્યા પુરૂષે બેગની ચોરી કરી લીધી હતી. બેગમાં સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૧,૩૫૦/-, સોનાનુ લોકેટ કિમત રૂપિયા ૨૭,૮૯૦/-, લેપટોપ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- તેમજ જરૂરી કાગળો હતા. આ અંગેની ફરીયાદ સંજય પાંડે એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.હડીયા ચલાવે છે.

સોનાની ચેઇન ખેચી તોડી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૧૦૧૭/૨૦૨૧**

રામોલઃ પુષ્પાબહેન તે રામઅવધસિંગ અચ્છેલાલસિંગ રાજપુતની વિધવા પત્ની (ઉ.વ.૬૫) (રહે. રાધે પાર્ક સોસાયટી રાધે ચેમ્બર પાછળ વસ્ત્રાલ) તા.૦૭/૦૬/૨૦૨૧ સાજના ૬/૩૦ વાગ્યાના સુમારે બજારમાંથી શાકભાજી ખરીદી કરી આવતા હતા ત્યારે તેમની પાછળ એકટીવા પર આવેલ બે પુરૂષ ધર નજીકથી પુષ્પાબહેનના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ પુષ્પાબહેને રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.આર.ભાટી ચલાવે છે.

પર્સ ઝુટવી લઇ ગયા :- **સમાચાર યાદી નં.૧૦૧૮/૨૦૨૧**

આનંદનગરઃ કીર્તીબા વા/ઓ હરપાલસિંહ ઝાલા (ઉ.વ.૪૩) (રહે. ઈન્દ્રપ્રસ્થ-૬, સ્કાય હેરીટેજની બાજુમાં પ્રહલાદનગર રોડ આનંદનગર) તા.૦૭/૦૬/૨૦૨૧ સાજના ૭/૦૦ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી પોતાના પાળેલા કુતરા સાથે ચાલવા નિકળ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કીર્તીબા ઝાલાના હાથમાંથી પર્સ ખેચી ઝુટવી લઈ નાસી ગયા હતા. પર્સમાં એપલ કંપનીનો ૧૨ પ્રો મોડલ સ્કાય બ્લ્યુ કલરનો મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧,૦૦,૦૦૦/-, રોકડ રૂપિયા ૨૫૦૦/- તથા અગત્યના કાગળો હતા. આ અંગેની ફરીયાદ કીર્તીબા ઝાલા એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૦૧૯/૨૦૨૧**

વાડજઃ જૈમિન અશોકકુમાર પટેલ (ઉ.વ.૩૨) (રહે. કલ્પતરૂ એપાર્ટમેન્ટ ગણેશ સ્કુલ સામે નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૧ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કનુજી બાલસંગજી ચલાવે છે.

માધવપુરાઃ વિશાલ ધનસુખભાઇ દાતણીયા (ઉ.વ.૨૪) (રહે. લાખાજી કુવરજીની ચાલી મહેંદીકુવા માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૬/૨૦૨૧ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રુગનાથજી ચલાવે છે.

નારોલઃ જીતેન્દ્ર સ/ઓ ભોલેરામ દિવાકર (ઉ.વ.૨૨) (રહે. શક્તિનગર હાઇફાઇ ચાર રસ્તા પાસે નારોલ) એ અગમ્ય કારણસર તા.૦૭/૦૬/૨૦૨૧ કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી. સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોહનસિહ સવસિહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી